| | | |
|---|---|---|
| GJSK040032362024 | આંક– | |
| | કેસ દાખલ તા: | ૧૮/૦૯/૨૦૨૪ |
| | કેસ રજી.તા: | ૧૮/૦૯/૨૦૨૪ |
| | કેસ ફેસલ તા: | ૨૧/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**<u>ઇડરના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ઇડર</u>**

**ફોજદારી કેસ નં.૨૫૯૧/૨૦૨૪**

**ફરીયાદી** :– સરકાર શ્રી

વિરુધ્ધ

**આરોપીઓ** :– (૧) સંજયકુમાર ડાહ્યાભાઇ કાપડીયા, ઉ.વ.૩૫,

(૨) વિજયકુમાર ડાહ્યાભાઇ કાપડીયા, ઉ.વ.૩૮,

(૩) ડાહ્યાભાઇ બેચરભાઇ કાપડીયા, ઉ.વ.૬૨,

ત્રણેય રહે.રતનપુર, તા.ઇડર, જી.સાબરકાંઠા.

| | |
|---|---|
| ગુન્હો | ઇ.પી.કો.કલમ– ૪૫૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |

| | |
|---|---|
| સરકારશ્રી તરફે | વિ. એ.પી.પી.શ્રી પી.બી.દવે. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી ડી.ડી.દેસાઇ. |

**<u>–: ચુ કા દો :–</u>**

**(૧)..** ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ અગાઉ થયેલ મારામારી બાબતેની અદાવત રાખી તા.૧૯/૫/૨૪ ના કલાક ૧૮:૩૦ વાગ્યાના સુમારે મોજે મેસણ ગામે આ કામના ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.(૧) તથા (૨) નાએ ફરીયાદીને ઉશ્કેરાયેલી હાલતમાં મારી માને અગાઉ કેમ માર મારેલ હતો તેમ કહી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને મા–બેન સામે ગાળો બોલી આરોપી

નં.(૧) નાએ ફરીયાદીને માથાના ભાગે લાકડી મારી તથા આરોપી નં.(૨) નાએ ફરીયાદીને લોખંડની પાઇપ ડાબી આંખના ઉપરના ભાગે મારતાં ફરીયાદી નીચે પડી જતા ત્રણેય આરોપીઓએ ફરીયાદીને શરીરે ગદડાપાટુનો માર મારી જતા જતા આજે તો તમે બચી ગયા છો હવે પછી મળશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી જીલ્લા મેજી.સાહેબના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરેલ.તે મુજબની ફરીયાદ ફરીયાદી ધ્વારા ઇડર પોલીસ સ્ટેશનમાં આપતાં,પોલીસ એજન્સીએ આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલ.ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

(૨).. આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી આંક–૦૬ થી ૦૮ સુધી આરોપીઓની પ્લીઓ નોંધવામાં આવતાં આરોપીઓએ ગુનાનો સ્પષ્ટપણે ઇન્કાર કરતાં ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩).. ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી રમણલાલ લાલજીભાઇ વણકરની જુબાની. | ૧૭ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૮ | અસલ ફરીયાદ |
| ૨. | ૨૦ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| ૩. | ૨૧ થી ૨૨ | સારવાર સર્ટીફીકેટની નકલ. |
| ૪. | ૨૩ | જાહેરનામાંની નકલ |

ત્યારબાદ આંક–૨૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

**<u>સી.આર.પી.સી.કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનું વિશેષ નિવેદન</u>**

(૪).. ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આરોપી ઓનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય, નોંધવામાં આવેલ નથી.

**<u>દલીલો :–</u>**

(૫).. ત્યારબાદ આરોપીઓ સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રી પોતાની દલીલ કરતા જણાવે છે કે, ફરીયાદપક્ષે તેમના લેખીત અને મૌખિક પુરાવા રજુ રાખી આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરેલ હોય, પડેલ પુરાવાઓને આધારે આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી નશીયત કરી સજા કરવા વિનંતી કરેલ છે. જયારે બચાવપક્ષે તેઓના વિ.વ.શ્રીની દલીલો કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી તેમજ ફરીયાદપક્ષ ધ્વારા પંચનામાંના પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી. આરોપીઓને શંકાનો લાભ મળવો જોઇએ. ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય, આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૬).. આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ અગાઉ થયેલ મારામારી બાબતેની અદાવત રાખી તા.૧૯/૫/૨૪ ના કલાક ૧૮:૩૦ વાગ્યાના સુમારે મોજે મેસણ ગામે આ કામના ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપી નં.(૧) તથા (૨) નાએ ફરીયાદીને ઉશ્કેરાયેલી હાલતમાં મારી માને અગાઉ કેમ માર મારેલ હતો તેમ કહી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને મા–બેન સામે ગાળો બોલી આરોપી નં.(૧) નાએ ફરીયાદીને માથાના ભાગે લાકડી મારી તથા આરોપી નં.(૨) નાએ ફરીયાદીને લોખંડની પાઈપ ડાબી આંખના ઉપરના ભાગે મારતાં ફરીયાદી નીચે પડી જતા ત્રણેય આરોપીઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી જતા જતા આજે તો તમે બચી ગયા છો હવે પછી મળશો તો

જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી જીલ્લા મેજી.સાહેબના જાહેરનામાંનો ભંગ કરી, ઇ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૮)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૭ થી ઈજાપામનાર ફરીયાદી રમણલાલ લાલજીભાઈ વણકરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, બનાવ તા.૧૯/૫/૨૪ ના રોજ બનેલો. બનાવમાં તેઓની તથા આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી. બોલાચાલી દરમ્યાન ધકકામુકકી થતાં જમીન પર થવાથી તેમને માથાના ભાગે તથા ડાબી આંખ ઉપર વાગવાથી ઈજા થયેલી. આ સિવાય બનાવમાં બીજુ કંઇ બનેલ નહી. આવેશમાં આવીને જે તે સમયે તેઓએ હાલના કામના આરોપીઓ વિરુધ્ધ ઇડર પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપેલી અને જે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૮ થી રજુ કરવામાં આવેલ છે. આ સિવાય ફરીયાદી ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય,વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતો ને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તેમજ ફરીયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં બનાવ આરોપીઓએ તેઓના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ નથી તથા અગાઉના બનાવની અદાવત રાખીતેઓને મા–બેન સામે ગાળો બોલેલ નથી તેમજ આરોપી નં.(૧) સંજયકુમાર નાઓએ તેમને માથાના ભાગે લાકડી મારેલ નથી તેમજ આરોપી નં.(૨) વિજયકુમાર

નાઓએ લોખંડની પાઈપ ડાબી આંખ પર મારેલ નથી તેમજ આરોપીઓએ ભેગા મળી ગડદાપાટુનો માર મારેલો નથી તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી તેમજ સારવાર દરમ્યાન તેઓએ ડોકટર રૂબરૂ આરોપીઓ વિરુધ્ધ માર માર્યા અંગેની કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી.

(૯).. આમ, ઈજાપામનાર ફરીયાદીના પુરાવાથી એવી હકીકત આવે છે કે, આ કામના આરોપીઓ સાથે બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ એ સિવાય બીજુ કાંઈ બનેલ નથી તેમજ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઈજાપામનાર ફરીયાદીના પુરાવા થકી આ કામના આરોપીઓએ તેઓને કોઈ ગાળો આપેલ હોવાની હકીકત કે જાનથી મારી નાખવાની ગુન્હાહિત ધમકી આપેલ હોવાની કે ફરીયાદીના ઘરમાં આરોપીઓ ગેરકાયદેસર પ્રવેશ કરેલ હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. આમ, આ કામના ઈજાપામનાર ફરીયાદીના પુરાવાથી હાલના આરોપીઓએ પોતાનો સામાન્ય ગુન્હાહિત ઈરાદો પાર પાડવા માટે ઘાતક હથિયારો ધારણ કરી, સાહેદોને કોઈ હથિયાર વતી કે અન્ય કોઈ રીતે માર મારી સ્વૈચ્છાપૂર્વક ની વ્યથા પહોંચાડી હોય કે ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે બનાવ સમયે હાલના આરોપીઓએ કોઈ હથિયાર ધારણ કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૦).. આ કામના આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૪ મુજબનો ગુનો પુરવાર કરવા માટે આરોપીઓએ સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય ત્યારે જ આરોપીઓને ગુનેગાર ઠેરવી શકાય. જયારે હાલના કેસમાં ઈજાપામનાર ફરીયાદી ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ તેમને કોઈ માર મારેલ ન હોવાની હકીકત જણાવેલ છે અને બનાવમાં ફકત સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કંઈ બનેલ ન હોવાની હકીકત જણાવતાં હોય ત્યારે આરોપીઓએ તેમને કોઈ સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હોય તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી. આમ, ફરીયાદ પક્ષ ઇ.પી.કો.કલમ–૩૧૯ મુજબના કોઈ તત્વો પુરવાર કરી શકેલ નથી. વધુમાં, ફરીયાદી પક્ષ એવી હકીકત પુરવાર કરી શકેલ નથી કે, સદર કામના

આરોપીઓ ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ. જેથી આરોપીઓ સામે ફરીયાદપક્ષ ઇ.પી.કો. કલમ−૪૫ર મુજબનો ગુન્હો પુરવાર થતો નથી.

**(૧૧)..** વધુમાં, આ કામે ફરીયાદપક્ષ તરફે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઈજાપામનાર ફરીયાદીના પુરાવા થકી આ કામના આરોપીઓએ બનાવ વખતે ઉચ્ચારેલ ગાળોના કોઈ ચોકકસ શબ્દો રેકર્ડ ઉપર આવતા નથી તેમજ આ કામના આરોપીઓએ ઈજાપામનાર ફરીયાદીને કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તેમજ આ કામના આરોપીઓએ આપેલ ધમકીના કારણે આ કામના ઈજાપામનાર ફરીયાદી ભયમાં હોય અને તેઓના રોજીંદા જીવનની ક્રિયાઓમાં કોઈ વિક્ષેપ પડેલ હોય તેમજ સદર બનાવ બનાદ આ કામના ફરીયાદીને આરોપીઓ સાથે કોઈ બીજો બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. એ સંજોગોમાં આ કામના આરોપી ઓને ઇ.પી.કો.કલમ−૫૦૪ તથા ૫૦૬(૨) અન્વયે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૨)..** વધુમાં, આ કામે આરોપીઓ ઉપર જી.પી.એકટની કલમ−૧૩૫ મુજબનુ તમતનામું છે અને જાહેરમાં આરોપીઓએ લાકડી કે વિગેરે લાવેલ હોવાનો આક્ષેપ છે પરંતુ ફરીયાદીએ તેઓની સરતપાસમાં તથા ઉલટતપાસમાં જણાવેલ નથી કે,આરોપી નં.(૧) સંજયકુમાર નાઓએ તેમને માથાના ભાગે લાકડી મારેલ નથી તેમજ આરોપી નં.(૨) વિજયકુમાર નાઓએ લોખંડની પાઇપ ડાબી આંખ પર મારીને ઈજા કરેલ હોય.જેથી ફરીયાદીનો પુરાવો શંકાસ્પદ બની જાય છે તેમજ આ કામના આરોપીઓ બનાવ સમયે જાહેરમાં લાડકી ફેરવતા હોય તેવી કોઇ હકીકત તપાસવામાં આવેલ કોઈપણ સાહેદો જણાવતાં નથી તેમજ જાહેરનામાંની પ્રસિધ્ધી કેવી રીતે કરવામાં આવેલ તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી અને કાયદા મુજબ જાહેરનામાંની પ્રસિધ્ધી પુરવાર ના થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિતને જાહેરનામાંના ભંગ બદલ તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૩)..** ફોજદારી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે તેનો કેસ સીધા અને સરળ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. ફોજદારી કાર્યવાહીમાં બચાવપક્ષને સમગ્ર કાર્યવાહી દરમ્યાન ખુલાસો કરવાનો હોતો નથી,ત્યારે

ફરિયાદીએ તેમનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. તેજ રીતે ફોજદારી કાર્યવાહીમાં માત્ર અનુમાન અને ધારણાના આધારે કોઈને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓ સામે ગુન્હાના કામે સાંકળતો કોઇ પુરાવો રજુ કરી શકેલ નથી. તેવા સંજોગોમા તેમને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૪)..** આમ તમામ પુરાવાઓનુ વિશ્લેષણ કર્યા બાદ ફરિયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલા હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી અને નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)..** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) નાં પ્રબંધો અનુસાર આ કામના આરોપીઓ (૧)સંજયકુમાર ડાહ્યાભાઇ કાપડીયા, (૨) વિજયકુમાર ડાહ્યાભાઇ કાપડીયા તથા (૩) ડાહ્યાભાઇ બેચરભાઇ કાપડીયાનાઓને ઇ.પી.કો.કલમ– ૪૫૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)..** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭–એ અન્વયે આ કામના આરોપીઓએ રૂા.૧૫,૦૦૦/–(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૧ મી, માહે:જુલાઇ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઇડર
તા.૨૧/૦૭/૨૦૨૬

**(ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//Mahavir//